## A : વોરન હેસ્ટીંગ

**સમય:** 1772 – 1785

**ક્રમ:** બંગાળનો પ્રથમ ગવર્નર જનરલ

**વિશેષ:**

- રોબર્ટ કલાઈવ બંગાળનો પ્રથમ ગવર્નર હતો અને ત્યાર પછી વોરન હેસ્ટીંગ બંગાળના ગવર્નર તરીકે આવ્યો.
- રેગ્યુલેટીંગ એક્ટ 1773:
  - ✓ આ કાયદાથી ભારતમાં પ્રથમ વખત લેખિતમાં બંધારણ રજુ કરવામાં આવ્યું.
  - ✓ બંગાળનો ગવર્નર હવે ગવર્નર જનરલ તરીકે ઓળખાયો.
  - ✓ બંગાળનો પ્રથમ ગવર્નર જનરલ વોરન હેસ્ટીંગ બન્યો.
  - ✓ આ કાયદાથી ૧૭૭૪માં કોલકાતામાં પ્રથમ સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી. સુપ્રીમ કોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ સર એલીઝા ઇમ્પે હતા.
  - ✓ ભારતમાં કંપનીના શાસન માટે ચાર સભ્યોના બનેલા કોર્ટ ઓફ ડાઈરેક્ટની રચના કરવામાં આવી.
  - ✓ જિલ્લામાં દીવાની અને ફોજદારી અદાલતોની સ્થાપના કરી.
- દ્વિમુખી શાસન પદ્ધતિ રદ કરી નાખી અને મહેસુલ ઉઘરાવા માટે કલેક્ટર નામના પદનું નિર્માણ કર્યું.
- તેના સમયમાં પ્રથમ એંગ્લો મરાઠા યુદ્ધ થયું હતું.
- પીટનો ધારો 1784:
  - ✓ ગવર્નર વોરન હેસ્ટીંગની સામ્રાજ્યવાદી નીતિના કારણે મતભેદ થતા આ કાયદો ઘડાયો.
  - ✓ આ કાયદો બ્રિટનના વડાપ્રધાન પીટ ધ યંગર દ્વારા રજુ થયો એટલે પીટનો ધારો તરીકે ઓળખાય છે.
  - ✓ ભારતમાં રાજકીય બાબતોના નિયત્રણ માટે બોર્ડ ઓફ કંટ્રોલની રચના કરી. આ બોર્ડ ઓફ કંટ્રોલ 6 સભ્યોની બનેલી હતી.
  - ✓ ભારત માટે પ્રથમ વાર "બ્રિટીશ અધિકૃત ભારતીય પ્રદેશ" એવું નામ આપવામાં આવ્યું.

## B : લોર્ડ કોર્નવોલીસ

**સમય:** 1786 – 1793

**કઈ યોજના માટે જાણીતો:** કાયમી જમાબંધી

**વિશેષ:**

- વોરન હેસ્ટીંગ બાદ બંગાળના ગવર્નર જનરલ તરીકે લોર્ડ કોર્નવોલીસ આવ્યો.
- લોર્ડ કોર્નવોલીસે કાયદામાં સમાનતા લાવવા માટે " કોર્નવોલીસ કોડ" નામનું પુસ્તક તૈયાર કરાવ્યુ.
- ભારતમાં સનદી સેવાની સાચી શરૂઆત કરનાર લોર્ડ કોર્નવોલીસ હતો.
- લોર્ડ કોર્નવોલીસે મહેસુલ ઉઘરાવા માટે 1793માં કાયમી જમાબંધીની નીતિ અપનાવી.



www.gkgrip.com

- તેના સમયમાં "મૈસુરના વાઘ" તરીકે જાણીતા ટીપું સુલતાન સાથે ત્રીજો મૈસુર વિગ્રહ થયો અને તેમાં ટીપું સુલતાનની હાર થઇ.
- આ હારથી ટીપું સુલતાને શ્રીરંગપટ્ટનમ સંધી કરવાની ફરજ પડી.
- ટીપું સુલતાનની રાજધાની શ્રીરંગપટ્ટનમ હતી.
- લોર્ડ કોર્નવોલીસ બાદ સર જ્હોન શોર ગવર્નર જનરલ પદે આવ્યો અને તેને તટસ્થતાની નીતિ અપનાવી જેના કારણે મરાઠાઓ શક્તિશાળી બન્યા.

## C : લોર્ડ વેલેસ્લી

**સમય:** 1798 – 1805

**કઈ યોજના માટે જાણીતો:** સહાયકારી યોજના

**વિશેષ:**

- સર જ્હોન શોર બાદ ગવર્નર જનરલ તરીકે લોર્ડ વેલેસ્લી આવ્યો.
- લોર્ડ વેલેસ્લીને માથે કંપનીને ભારતમાં સર્વોપરી બનાવાની જવાબદારી આવી.
- આ માટે લોર્ડ વેલેસ્લીએ સહાયકારી સૈન્યની યોજના દાખલ કરી.
- સહાયકારી યોજના સ્વીકારનાર પ્રથમ ભારતીય રાજા હૈદરાબાદનો નિઝામ હતો.
- સહાયકારી યોજના સ્વીકારનાર પ્રથમ ગુજરાતી રાજા વડોદરાના મલ્હારરાવ ગાયકવાડ હતા.
- આ યોજના "મીઠા ઝેર" સમાન હતી.તેથી વેલેસ્લીએ બ્રિટીશ કંપનીના વિસ્તારમાં સાત ગણો વધારો કર્યો.
- સહાયકારી યોજના અપનાવેલા રાજ્યો-શાસકો:
    - ✓ હૈદરાબાદનો નિઝામ
    - ✓ મૈસુર
    - ✓ અવધ
    - ✓ ગાયકવાડ
    - ✓ સિંધિયા
    - ✓ ભોસલે
    - ✓ હોલકર
- ટીપું સુલતાને સહાયકરી યોજનાનો અસ્વીકાર કરતા કંપનીએ નિઝામનો સાથ મેળવીને મૈસુર ઉપર આક્રમણ કર્યું. આ ચોથા મૈસુર વિગ્રહમાં ટીપું સુલતાનનું મૃત્યુ થયું.
- લોર્ડ વેલેસ્લી પોતાને "બેંગાલ ટાઇગર" તરીકે ઓળખાવાતો હતો.
- ભારતમાં બ્રિટીશ સત્તાનો વિસ્તાર કરનાર ગવર્નર જનરલ એટલે લોર્ડ વેલેસ્લી.
- ઈ.સ 1800માં સિવિલ સર્વિસમાં જોડાનાર યુવકોને તાલીમ આપવા વેલેસ્લીએ કોલકાતામાં ફોર્ટ વિલિયમ કોલેજની સ્થપના કરી.

www.gkgrip.com

## D : લોર્ડ હેસ્ટીંગ

સમય: 1813 – 1823

કઈ યોજના માટે જાણીતો: સહાયકારી યોજના

વિશેષ:

- લોર્ડ હેસ્ટીંગના સમયમાં ઈ.સ ૧૮૧૪ થી ૧૮૧૬ દરમ્યાન નેપાળ સાથે યુદ્ધ કરી સાંગોલીની સંધી કરી ગુરખાઓને લશ્કરમાં સામેલ કર્યા.
- પીંઢારાઓ સાથે યુદ્ધ કરી ભારતને પીંઢારાઓના ત્રાસમાંથી મુક્ત કરાવ્યા.
- ઈ.સ 1818માં ત્રીજા મરાઠા વિગ્રહમાં મરાઠાઓને સખત હાર આપી ભારતમાં બ્રિટીશ સત્તા ને સર્વોપરી બનાવી.
- ઈ.સ 1818માં ભારતમાં આધુનિક યુગની શરૂઆત થઇ.

## E : લોર્ડ વિલિયમ બેન્ટીક

સમય: 1828 – 1835

શા માટે જાણીતો: ભારતના સુધારક

વિશેષ:

- લોર્ડ વિલિયમ બેન્ટીક ભારતમાં અગાવના ગવર્નર જનરલોની સરખામણીમાં "ઉદાર ગવર્નર જનરલ" હતો.
- તે ભારતમાં બંગાળના ગવર્નર જનરલ તરીકે આવ્યો હતો.
- રાજારામ મોહનરાયના સહયોગથી ઈ.સ. ૧૮૨૯ માં સતી પ્રથા વિરુદ્ધ કાયદો બનાવ્યો.

રાજારામ મોહનરાય:

- જન્મ: ૧૭૭૨માં બંગાળના હુગલી જિલ્લાના રાધાનગરમાં
- ઈ.સ. 1821માં બંગાળી ભાષામાં "સંવાદ કૌમોદી" સમાચારપત્ર શરુ કર્યું.
- ઈ.સ. 1822માં ફારસી ભાષામાં "મિરાત-ઉલ-અખબાર" નામનું સમાચારપત્ર શરુ કર્યું.
- ઈ.સ. 1828માં "બ્રમ્હોસમાજ" નામની સંસ્થાની સ્થાપના કરી.
- રાજારામ મોહનારાયે કોલકાતામાં હિંદુ કોલેજની સ્થાપના કરી હતી.
  ઉપર પ્રતિબંધ મુક્યો.

- રાજારામ મોહનારાયને ઓગણીસમી સદીના ભારતની નવજાગૃતિના પિતા ગણવામાં આવે છે.
- રાજારામ મોહનારાયને રાજાનો ખિતાબ અકબર બીજાએ આપ્યો હતો.
- ઈ.સ. ૧૮૩૩માં બ્રિસ્ટોલ મુકામે રાજારામ મોહનારાયનું અવસાન થયું.

ચાર્ટર એક્ટ 1833:

- બંગાળના ગવર્નર જનરલનું ભારતના ગવર્નર જનરલ તરીકે નામાધાન કરવામાં આવ્યું.
- આમ ભારતનો પ્રથમ ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટીક બન્યો.

- ભારતમાં પ્રથમવાર લો કમીશન નીમાયું જેના અધ્યક્ષ લોર્ડ મેકોલો હતા.
- કાયદો બનાવાનો અધિકાર માત્ર ભારતના ગવર્નર જનરલને રહ્યો.
- કંપનીનું અધિકારપત્ર 20 વર્ષ સુધી લંબાવામાં આવ્યું.
- ચા અને ચીન સાથેના વેપારમાં કંપનીનો એકાધિકાર સમાપ્ત કરી દેવામાં આવ્યો.
- ભારતમાંથી દાસ પ્રથા સમાપ્ત કરી દેવામાં આવી.

## F : લોર્ડ ઓકલેન્ડ

સમય: 1836 – 1842

વિશેષ:

- ઈ.સ.1836માં ભારતમાં આવેલા ગવર્નર લોર્ડ ઓકલેન્ડને રશિયાનો પ્રભાવ અટકાવવા અફઘાનીસ્તાન ઉપર આક્રમણ કરવાની જરૂર જણાઈ હતી.
- આ યુદ્ધમાં અંગ્રેજોની હાર થઇ હતી.
- આ સમયમાં કલકતાથી દિલ્હી સુધીના ગ્રાન્ડ ટ્રંક રોડનું સમારકામ થયું.

## G : ચાર્લ્સ મેટકાફ

સમય: 1835 – 1836

વિશેષ:

- ચાર્લ્સ મેટકાફે તેના ટૂંકા સમયગાળા દરમ્યાન પ્રેસ ઉપરના નિયંત્રણો હટાવ્યા હતા.
- તેથી ચાર્લ્સ મેટકાફને ભારતીય પ્રેસનો મુક્તિદાતા કહેવામાં આવે છે.

## H : લોર્ડ એલનબરો

સમય: 1842 – 1844

વિશેષ:

- ઈ.સ. 1842માં લોર્ડ એલનબરોની ભારતના ગવર્નર જનરલ તરીકે નિમણુક થઇ.
- તે અફઘાન વિગ્રહમાં ગુમાવેલી આબરૂ પાછી મેળવા માંગતો હતો.
- એટલા માટે સિંધને સંપૂર્ણ રીતે બ્રિટીશ સામ્રાજ્યમાં ભેળવી દીધું.

## I : લોર્ડ હાર્ડિંગ

સમય: 1844 – 1848

વિશેષ:

- લોર્ડ હાર્ડિંગના સમયમાં પ્રથમ એંગ્લો-શીખ યુદ્ધ થયું.
- આ યુદ્ધમાં અંગ્રેજોનો વિજય થયો હતો.

www.gkgrip.com

- બાળકીને દૂધપીતી કરવાના રીવાજ ઉપર પ્રતિબંધ લાદ્યો.
- નરબલી પ્રથા નાબુદ કરી.

## J : લોર્ડ ડેલહાઉસી

સમય: 1848 – 1856

કઈ નીતિ માટે જાણીતો: ખાલસાનીતિ

વિશેષ:

- ઈ.સ.1848માં ગવર્નર જનરલ તરીકે લોર્ડ ડેલહાઉસીનું ભારતમાં આગમન થયું.
- તે ઉગ્ર સામ્રાજ્યવાદી માનસ ધરાવતો હતો.
- ડેલહાઉસીએ 1848માં ખાલસાનીતિ અમલમાં મૂકી.
- લોર્ડ ડેલહાઉસીએ સૌપ્રથમ મહારાષ્ટ્રનું સતારા ખાલસા કર્યું હતું.
- ડેલહાઉસીએ ખાલસા કરેલા રાજ્યો:
  - ✓ સંભલપુર
  - ✓ સતારા
  - ✓ જેતપુર
  - ✓ ઉદયપુર (મ.પ્ર)
  - ✓ નાગપુર
  - ✓ ઝાંસી
  - ✓ અવધ
  - ✓ બઘાત
- લોર્ડ ડેલહાઉસી ભારતમાં બ્રિટીશ સત્તાને બિનહરીફ બનાવનાર.
- ડેલહાઉસી સામ્રાજ્યવાદીની સાથે સાથે સુધારાવાદી પણ હતો.
- ભારતમાં પ્રથમ રેલ્વેની શરૂઆત ઈ.સ.1853માં મુંબઈ અને થાણા વચ્ચે થઇ હતી.
- ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે તાર વ્યવહારની શરૂઆત ઈ.સ. 1850માં ઇંગ્લેન્ડના ડાયમંડ હાર્બર અને ભારતના કોલકાતા વચ્ચે થઇ હતી.
- ડેલહાઉસીના સમયમાં જાહેર બાંધકામ ખાતાની સ્થાપના થઇ.

## K : લોર્ડ કેનિંગ

સમય: 1856 – 1862

વિશેષ:

- ચાર્ટર એક્ટ 1853:
  - ✓ આ અંતિમ ચાર્ટર એક્ટ હતો.
  - ✓ આ એક્ટ અંતર્ગત બ્રિટીશ સંસદ ઈચ્છે ત્યારે કંપની પાછેથી ભારતનું શાસન પોતાના હસ્તક લઇ લેશે.


www.gkgrip.com

- ✓ ગવર્નર જનરલની પરિષદમાં 6 સભ્યોની વૃદ્ધિ કરવામાં આવી.
- ✓ સિવિલ સેવકોની ભરતી બધા માટે ખુલ્લી મુકવામાં આવી.
- ✓ સિવિલ સેવકોનો ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષા લેવાનું નક્કી કરવામાં આવ્યું.
- ✓ ભારતમાં સનદી સેવાનો પાયો ઈ.સ. ૧૮૫૪માં મેકોલો સમિતિએ નાખ્યો હતો.

- 1856માં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના પ્રયત્નોથી ભારતમાં વિધવા વિવાહ પુનઃ એક્ટ અસ્તિત્વમાં આવ્યો.
- ઇસ 1857માં ભારતમાં કોલકાતા મુંબઈ અને મદ્રાસમાં યુનિવર્સીટીની સ્થાપના કરવામાં આવી.

www.gkgrip.com